**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૬૫ ટકા

# વ્યવસાયથી વિસ્થાપિત લારી ગલ્લાવાળાઓની મૌન રેલી

## સરકારી જગ્યામાં રોજગારી માટે સમય નિયત કરવાની માંગ : આવેદન પત્રમાં જગ્યાનું દૈનિક ભાડું ચુકવવા સાથે બાંધકામ નહી કરવાની બાંહેધરી અપાઈ



ગાંધીનગર, તા.૩૦

આજે ગાંધીનગરમાં માનવસર્જીત આપત્તિ નિવારણ ટ્રસ્ટ દ્વારા દબાણ હટાવ ઝુંબેશમાં વ્યવસાયથી વિસ્થાપિત થયેલા લારી ગલ્લાવાળાઓની એક મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મૌન રેલી સેકટર-૧૨માં ડૉ. આંબેડકર હોલથી નીકળી જિલ્લા કલેકટર કચેરીએ પહોંચી હતી જયાં સંસ્થા દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

શહેરમાં તાજેતરમાં દબાણતંત્ર દ્વારા લાલ આંખ કરવા સાથે તમામ લારી ગલ્લાવાળા પર તવાઈ લાવવામાં આવી હતી. શહેરમાં સરકારી જમીન પર ખાણીપીણી સહિત વિવિધ વ્યવસાય કરતા લારી ગલ્લાના અસ્થાયી દબાણો મોટા પ્રમાણમાં અસ્તિત્વમાં હતા જેને દબાણ તંત્રએ કડક હાથે હટાવી દીધા એટલું જ નહી તેમના લારી ગલ્લાં સહિત અન્ય સાધનો જપ્ત કરી લીધા છે. આ સંજોગોમાં જે પરિવારો લારી ગલ્લામાં વ્યવસાય થકી રોજગારી રળી ગુજરાન ચલાવે છે તેમની હાલત કફોડી થવા પામી છે. આ પરિવારોમાં પાટનગરની સ્થાપના માટે પોતાની જમીનો આપનાર પરિવારો પણ સામેલ છે. જેઓ સહિત તમામ લારીગલ્લાવાળા તેમના સ્વયંબળે રોજગારી રળવાના મૂળભૂત અધિકાર અન્વયે ધંધા વ્યવસાય કરી રહ્યા હતા જેમને હટાવી દેવામાં આવ્યા છે. આ વ્યવસાયકારો દ્વારા મૌન રેલી યોજી કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. જેમાં પારિવારિક હાડમારીને ધ્યાનમાં રાખીને સરકારી જગ્યામાં ઉભા રહી રોજગારી કરવાનો સમય નિયત કરવા સાથે તેનો દૈનિક ચાર્જ નક્કી કરી મંજુરી આપવા માંગ કરવામાં આવી છે. આ સાથે તેઓ આ જગ્યા પર કોઈ પણ પ્રકારનું બાંધકામ તેઓ નહીં કરે અને સ્વચ્છતા જાળવશે તેવી બાંહેધરી પણ આવેદનપત્રમાં આપવામાં આવી છે.



## @ગાંધીનગર

● શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સાંજે ૫ થી ૮.૧૫ કલાક દરમિયાન મૃતિકા કલા કૌશલ્ય કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવવામાં આવશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ અષાઢ વદ-૩ના રોજ કેસરી ઘટાના હિંડોળાના દર્શન સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● સિનિયર સિટિઝન કાઉન્સિલની માસિક બેઠક સાંજે ૫ કલાકે સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી સે-૭-સી ખાતે યોજાશે.

# સે-૮ માં મકાન માલિક અને ભાડુઆત વચ્ચે તકરાર યથાવત

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના વીવીઆઈપી સેકટર-૮ માં મકાન માલિક તથા ભાડુઆત વચ્ચે પણ ઘણા સમયથી મકાન ખાલી કરવા બાબતે માથાકુટ ચાલી રહી છે. જેમાં સિનિયર સિટીઝન મકાન માલિક દ્વારા ૧૧ માસના કરાર આધારીત ડોક્યુમેન્ટ કરી મકાન ભાડે આપ્યા બાદ કરાર પુરો થતા મકાન ખાલી કરવા કહ્યું હતું. પરંતુ ભાડુઆતે મકાન ખાલી ન કરીને માલિકને ધમકાવતા પહેલા પણ ફરિયાદ નોંધાઈ હતી. મકાન માલિકે તાળુ મારીને સિક્યુરીટી ગોઠવી દીધી હતી. તો ભાડુઆતે સિક્યુરીટીને માર મારી ભગાડી મુકીને તાળુ તોડીને ઘરમાં ઘુસી જતા બીજી ફરિયાદ નોંધાઈ છે. પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પ્રકાશ ગોપીચંદ રામરખીયાણીનું મકાન સેકટર-૮ પ્લોટ નં-૧૫૪ ખાતે આવેલું છે. જે મકાન વિજયભાઈ હરીભાઈ ટાંક તથા તેમના પત્નિ વિણાબેનને ૧૧ માસના કરાર આધારીત ભાડે આપ્યું હતું. કરાર પુરો થઈ જતા મકાન માલિકે મકાન ખાલી કરવા જણાવ્યું હતું. પરંતુ ભાડુઆત વિવિધ કારણો બતાવી મકાન ખાલી કરતો નહતો. દરમિયાન પ્રકાશભાઈ મુંબઈ જતા પહેલા તા.૨૫ જુનના રોજ મકાનની સારસંભાળની જવાબદારી ધર્મેન્દ્રભાઈ નામની વ્યકિતને સોંપી હતી. તેમણે હાઈટેક સિક્યુરીટીના બે જવાનો મુક્યા હતા. પરંતુ તા.૨૭ મીની રાત્રે વિજયભાઈ તેમના પત્નિ અને બે શખ્સો લઈને આવ્યા હતા અને ગાળો બોલી સિક્યુરીટીને માર મારી કાઢી મુક્યા હતા. બનાવ અંગે સિક્યુરીટીએ મકાન માલિકને જાણ કરતા હિમાંશુ ભાઈએ પોતાના સસરાના મકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરવાની ફરીયાદ ભાડુઆત સામે નોંધાવી છે. જેને પગલે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## આજે યુવતીઓ માટે રોજગાર ભરતીમેળો યોજાશે

ગાંધીનગર, તા.૩૦

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા રોજગાર વાંચ્છુક યુવતીઓ માટે ભરતીમેળાનું આયોજન તા. ૩૧મી જુલાઈના રોજ સવારના ૧૦ કલાકે કોસમોસ મેન પાવર પ્રા.લિ., બી.- ૧૮૩-૧૮૪, મધુર ડેરીની બાજુમાં, જી.આઇ.ડી.સી. સેકટર- ૨૫ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં ટેલી માર્કેટિંગ એક્ઝીક્યુટીવ, પ્લેસમેન્ટ ઓફિસર અને રિસેપ્સનીસ્ટની જગ્યાઓ પર યુવતીઓને રોજગારી મેળવવાની તક મળશે. આ મેળામાં ધોરણ-૧૨ પાસ, ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજયુએટ થયેલી યુવતીઓ ભાગ લઈ શકશે, તેવું રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

# ગીયોડ મંદિરમાં દર્શનાર્થી મહિલાના ગળામાંથી સોનાના દોરાની ચીલઝડપ

## પોણા બે તોલાના ૪૫ હજારના સોનાના દોરાની ચીલઝડપ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેર-જિલ્લામાં ભીડભાડવાળા જાહેર જગ્યાઓ તેમજ ધાર્મિક સ્થળો પર ગઠીયાઓનો ત્રાસ વધી જવા પામ્યો છે. ત્યારે ચિલોડા-હિંમતનગર માર્ગ પર આવેલ ગિયોડ અંબાજી મંદિર ખાતે ગુરુ પૂર્ણિમાના પાવન દિવસે હજ્જારો ભકતો ઉમટી પડ્યા હતા. ત્યારે માતાજીના દર્શનાર્થે હિંમતનગર તાલુકાના નવલપુર ગામથી આવેલા મહિલાના ગળામાંથી સોનાનો દોરો પોણા બે તોલાનો કિં. રૂ.૪૫ હજારનો કોઈ ચોર ઈસમ લઈ ગયો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના નવલપુર ગામના રહેવાસી હિરલબેન પરબતસિંહ પરમારે ચિલોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ ગત તા. ૨૭ જુલાઈને શુક્રવારના રોજ ગુરુ પૂર્ણિમાના દિવસે પતિ તથા માતા બાલુબેન સાથે ગાંધીનગર તાલુકાના ગીયોડ ગામે અંબાજી માતાજીના મંદિરે દર્શન કરવા આવ્યા હતા. ત્યારે મંદિર પરિસરમાં ભકતોની ભારે ભીડ હતી, હિરલ બેને પોણા બે તોલાનો સોનાનો દોરો પહેરેલો હતો, અને બપોરના સુમારે ભકતોની ભારે ભીડ વચ્ચે દર્શન કરવા ગયા હતા. તે સમયે કોઈ ચોર ઈસમે તેમના ગળામાંથી સિફતપૂર્વક સોનાના દોરાની ચીલ ઝડપ કરી લીધી હતી. હિરલબેનને બહાર આવીને ખબર પડી કે પોતાનો દોરો ગાયબ છે. જેથી મંદિર પરિસરમાં શોધખોળ કરતા ન મળતા આખરે દોરો ચોરી થવાની ફરિયાદ ચિલોડા પોલીસ મથકે નોંધાવતા પોલીસે તે દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે.

## સમસ્ત જણસારી સમાજ દ્વારા સમાજના વિદ્યાર્થીઓને ચોપડાનું વિતરણ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર તાલુકમાં રહેતા અને નોકરી-વ્યવસાય કરતા જણસારી સમાજના તમામ જ્ઞાતિજનોને સમસ્ત જણસારી સમાજમાં સભ્ય બની નામ, સરનામા, પોતાના બાળકની માર્કશીટ સંસ્થાના હોદેદારો અથવા સમાજ દ્વારા રાખવામાં આવેલા કલેકશન સેન્ટર અનિલ વોચ.કું, અંબાજી મંદિર પાસે સેકટર-૨૪ અને ચાવડા ફુટવેર, મીના બજાર, જુના સચિવાલય ખાતે વધુમાં વધુ તા. ૪ ઓગસ્ટ સુધી પહોંચતા કરવા જેથી તમામ બાળકોને સમયસર ચોપડા વિતરણ કરી શકાય તેમજ માર્કશીટ આપનાર દરેક વિદ્યાર્થીને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે તેમ સંસ્થાના મંત્રી મહેન્દ્રભાઈ ચૌહાણે જણાવ્યું છે. આ ઉપરાંત સમસ્ત જણસારી સમાજની આગામી બેઠક તા.૫ ઓગસ્ટને રવિવારના રોજ સવારે ૯ કલાકે જુના સચિવાલય કેન્ટીન પાસે રાખવામાં આવેલ છે. જેથી સમાજના વિકાસ કાર્યો તેમજ અન્ય કામગીરીમાં એકબીજાના સહયોગથી આગળ શું શું કાર્યક્રમો કરવા અને સમાજને કેવી રીતે ઉપયોગી થઈ શકાય તે અંગેના આયોજનની ચર્ચા-વિચારણા કરી શકાય. સમાજના વિકાસમાં સ્વેચ્છાએ યથાશકિત ઉદારહાથે ફાળો આપવા પણ સંસ્થાના મંત્રી મહેન્દ્ર ચૌહાણે જણાવ્યું છે.

## રાજપૂત સમાજ ગાંધીનગર દ્વારા ચતુર્થ જીવનસાથી મેળો યોજાયો

ગાંધીનગર, તા.૩૦

શ્રી રાજપૂત સમાજ ભવન સે-૧૨ ગાંધીનગર ખાતે તાજેતરમાં ચતુર્થ જીવનસાથી પસંદગી મેળો યોજાયો હતો. જેમાં અંદાજીત ૧૮૦ થી વધુ લગ્ન ઈચ્છુક યુવક-યુવતિઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે સમાજના આગેવાનો, હોદેદારો સહિત મોટીસંખ્યામાં ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેરના સેકટર-૧૨ રાજપૂત સમાજ ભવન ખાતે તા. ૨૮ જુલાઈને શનિવારના રોજ ચતુર્થ જીવનસાથી પસંદગી મેળો સવારના ૯ થી ૨ કલાક દરમિયાન યોજાયો હતો. આ જીવનસાથી મેળાના પ્રારંભમાં દિપ પ્રાગટય મહેમાનોના હસ્તે કરવામાં આવ્યું હતું. જયારે પ્રાર્થના બાદ કાર્યક્રમને આગળ ધપાવ્યો હતો. રાજયભરમાંથી રાજપૂત સમાજના યુવક-યુવતિઓ પોતાના માતા-પિતા સાથે હાજર રહ્યા હતા. મેળામાં ઉપસ્થિત રહેલા યુવક-યુવતિઓએ સ્ટેજ પર જઈને પોતાનો પરિચય આપ્યો હતો. તેમજ પસંદગી પાત્ર કેવું હોવું જોઈએ. અને જીવનસાથી કેવો હોવો જોઈએ, તે હદયની વાત લાગણીથી દોહરાવી હતી. આ પ્રસંગે સમાજના પ્રમુખ ડો.શંકરસિંહ રાણાએ સમાજ જાગૃત છે અને એક કદમ આગળ વધવાનું જે ડગલું માંડ્યું છે તે વાતને બિરદાવી હતી. તેમજ શિક્ષણના વ્યાપ સાથે સમાજ સતત ચિંતિત છે અને યુવક-યુવતિઓને યોગ્ય જીવનસાથી મળી રહે તેવો શુર વ્યકત કર્યો હતો. સમાજના પૂર્વ પ્રમુખ શંકરસિંહ ગોહિલે મોટીસંખ્યામાં ઉપસ્થિત રહેલા સમાજના દિકરા-દિકરીઓને અભિનંદન પાઠવ્યા હતા. જયારે જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ રાજનસિંહ ચાવડાએ વધુને વધુ દિકરા-દિકરી આ પસંદગી મેળાવડામાં જોડાય તેવી શીખ આપી હતી. આ પ્રસંગે દિનેશસિંહ ચાવડા, વનરાજસિંહ ચાવડા સહિતના સમાજના આગેવાનો તેમજ હોદેદારો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્વાતિબા રાઓલ તેમજ દિલીપસિંહ બિહોલાએ કર્યું હતું.જયારે કાર્યક્રમના અંતે આભાર વિધી મહેશસિંહ રાઓલે કરી હતી.

# પાલજ આઈઆઈપીએચમાં પદવીદાન સમારોહ યોજાયો




ગાંધીનગર શહેરના આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં નેશનલ કક્ષાની ઈન્સ્ટટયુટ મોટી સંખ્યામાં છે. જેમાં ગાંધીનગરથી ગણતરીની મિનિટે આવેલ પાલજ ગામની સીમમાં ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લીક હેલ્થ ગાંધીનગર પણ કાર્યરત છે. આઈઆઈપીએચમાં રાજય તેમજ દેશભરમાંથી આરોગ્યના અધિકારીઓ તેમજ કર્મચારીઓ વિદ્યાર્થીઓને તાલિમ આપવા માટે આવે છે. માસ્ટર્સ ઈન પબ્લીક ડિપ્લોમાં, આસી ફેલો ઈન હેલ્થ મેનેજર સહિતના કોર્ષ આ ઈન્સ્ટટયુટમાં ચલાવવામાં આવે છે. તાજેતરમાં આઈઆઈપીએચજી ડીપાર્ટમેન્ટ ઓફ હેલ્થ રીસર્ચ તથા ઈન્ડીયા કાઉન્સીલ ઓફ મેડીકલ રીસર્ચ અને ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયાના ડીરેકટર જનરલ પ્રોફેસર બલરામ ભાર્ગવની મુખ્ય મહેમાન પદે પદવીદાન સમારોહ યોજાયો હતો. જેમાં અંદાજે ૫૦ થી વધુ વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે પદવી એનાયત કરાઈ હતી. આ પ્રસંગે પૂનમચંદ પરમાર (આઈએએસ, એ.સી.એસ, મેડીકલ સર્વિસીસ એન્ડ મેડીકલ એજ્યુકેશન), ગૌરવ દહીયા (આઈએએસ, એમડી, એનએચએમ), સુધીર માંકડ (ચેરમેન, આઈઆઈપીએચજી), પ્રો દિલિપ માલવણકર (ડાયરેકટર, આઈઆઈ પીએચજી), સહિત પ્રાધ્યાપક અને વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં કેમ્પસના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા શિવ આરાધના તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને સરસ્વતી સન્માન ઈનામ વિતરણનું આયોજન

ગાંધીનગર, તા.૩૦

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૬, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન તા. ૧૨/૦૮/૨૦૧૮ થી તા. ૦૯/૦૯/૨૦૧૮ સુધી દરરોજ રાત્રીના ૯:૦૦ થી ૧૦:૦૦ દરમિયાન ભગવાન ભોળાનાથની શિવઆરાધનાનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે સાથે (જુ. કેજી. થી ધોરણ-૧૨) ના તેજસ્વી વિદ્યાર્થીઓને સરસ્વતી સન્માન ઈનામ વિતરણનું પણ આયોજન કરાયું છે તો સેકટર-૨૬ ના સર્વે રહીશ બ્રહ્મપરિવારોને વિનંતી સાથે જણાવવાનું કે પોતાના ઘરે શિવ-પુજા અને શિવમહિમ્ન પાઠ કરાવવા તથા નૂતન-યજ્ઞોપિવત બદલવાના કાર્યક્રમમાં નામ નોંધાવવા માટે દક્ષેશભાઈ ત્રિવેદી (૯૮૨૪૩૮૧૪૮૫) (પ્લોટ: ૬૫૨/૧, કિસાનનગર)નો સંપર્ક કરવો તેમજ માર્કશીટની નકલ આપવા પુર્વ મહામંત્રી નિતિનભાઈ જોષી (૯૯૨૪૮૮૩૫૪૯) (પ્લોટનં–સી/૩૬, ગ્રીનસીટી)નો સંપર્ક સાધવા વિનંતી છે. માર્કશીટની નકલ આપવાની છેલ્લી તારીખ ૦૯/૦૯/૨૦૧૮ છે, આ પછી આવેલ વિગત અગ્રાહ્ય રહેશે. ઉપરોક્ત કાર્યક્રમ સેકટર -૨૬, બ્રહ્મસમાજના રહિશો પુરતો જ મર્યાદિત છે.

# ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની ઓગસ્ટ માસની કાર્યવાહક સમિતિની બેઠક આગામી તા. ૨ ઓગસ્ટને ગુરુવારના રોજ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને સાંજે ૫ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજે માળ સેકટર-૨૨ ખાતે યોજાશે. આ બેઠકમાં અગત્યની ચર્ચા-વિચારણા કરવામાં આવશે. જેમાં સંસ્થાના તમામ પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોને અચુક હાજર રહેવા અનુરોધ કરાયો છે.

## વાતવાતમાં

● ગાંધીનગરના ગુજરાતી ફિલ્મના નિર્માતા-દિગ્દર્શક જગદીશ સોનીની દિકરી તન્વીના લગ્નપ્રસંગે તેમની ફિલ્મોના કલાકારોને ટ્રોફી તથા પ્રમાણપત્રથી સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગ તેમની આગામી ફિલ્મ 'ગટ્ટુ માય ફ્રેન્ડ'ની સ્ટાર કાસ્ટની ઉપસ્થિતિમાં ફિલ્મની સિકવલ 'ગટ્ટુ રિટર્ન્સ' બનાવવાની પણ જાહેરાત કરી હતી.

● ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે રહેણાંક ઘરોમાં ગેસ લિકેજના કારણે દિવાલો તથા ફર્શ સળગતી હોવાની એકાદ વર્ષ જુની ઘટનાના સમાચારનો વિડીયો સોશ્યલ મિડિયા પર આજે વાઈરલ થયો હતો. આ વિડિયો અમદાવાદમાં વધુ વાઈરલ થયો હતો જેને કારણે અમદાવાદીઓના ગાંધીનગર કલોલ ખાતે રહેતા સગાસંબંધી મિત્રોના ફોન સતત રણકયા હતા.

● ગાંધીનગરના સિનિયર પત્રકાર મૌલિક મહેતા વાઈરલ બિમારીનો ભોગ બનતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવા પડયા હતા. તેની તબિયત સુધારા પર આવી જતા તેમને રજા આપી દેવાઈ છે.

## એસ.જી. એસ.વી. શાળા દ્વારા સમગ્ર વર્ષની અભ્યાસલક્ષી તેમજ ઈતર પ્રવૃત્તિઓના આયોજનનું પ્રેઝન્ટેશન



ગાંધીનગર, તા.૩૦

એસ.જી.એસ.વી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા દ્વારા સેકટર -૧૫માં આવેલ એલ.ડી.આર.પી. યુનિવર્સિટીમાં આઈ.ક્યુ. એ.સી. કાર્યક્રમ અંતર્ગત શાળાની ગુણવતા અને સુધારણા માટે સમગ્ર વર્ષની અભ્યાસલક્ષી તેમજ ઈતર પ્રવૃતિઓનું આયોજન અને શાળાની ઉન્નતિ માટેના બહુમુખી વિકાસ અંગે ઉચ્ચ કોટિના માપદંડ સાથે મહેમાન શ્રી તેમજ વાલી ગણ સમક્ષ શાળાના ફલોર ઈન્ચાર્જ રમેશ સર દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન જી.સી.આર.ટી.ના રિસર્ચ એસોસિએટ ડો. મનોજ કોરડીયા, લાયન્સ કલબના પ્રેસિડેન્ટ ડીમ્પલ દેસાઈ તેમજ માર્કેટિંગ મેનેજર શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી નિસર્ગ આચાર્ય હતા. આઈ.ક્યુ. એ.સી.ની ટીમ દ્વારા આ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલમાં MR રસીકરણ

ગાંધીનગર, તા.૩૦

ડિવાઈન જુનિયર સ્કૂલમાં MR રસીનો કાર્યક્રમ સફળતા પૂર્વક યોજાયો જેમાં ડૉક્ટર તથા ટીમ મેમ્બર એ ખુબ જ સારી રીતે વાલીઓની સાથે મીટીંગ કરીને વિગતવાર માહિતી આપી હતી. ડિવાઈન સ્કૂલના વાલીઓએ પણ એમના બધા પ્રશ્નો પૂછીને માહિતી મેળવી હતી. આ રસીકરણ કાયયક્રમાં ડિવાઈન જુનિયર સ્કૂલના સર્વે સ્ટાફ મેમ્બર તથા સ્થાપક શ્રીમતી ગગરા ચૌધરી પણ હાજર રહ્યા હતા.






## સે-૧૨ પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ

ગાંધીનગરના સર્જન એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ વિનોદ મેણાતે તેમની દિકરી રિતિકાના જન્મદિને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજી જન્મદિવસની સાચી ઉજવણીનું પ્રેરક ઉદાહરણ પુરું પાડયું છે. આ વૃક્ષારોપણ કાર્યક્રમ સે-૧૨માં સરકારી પ્રાથમિક શાળા ખાતે યોજવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી જે.જી. પંડયા, જિલ્લા એમઆઈએસ જીજ્ઞેશભાઈ દવે, શાળાના આચાર્યા રાગિણીબેન રાવલ તથા કોર્પોરેટર પાયલબેન મેણાતે ઉપસ્થિત રહી વૃક્ષોનું વાવેતર કર્યું હતું. આ પ્રસંગે શાળાના બાળકોને ચોકલેટસ ખવડાવી મ્હો મીઠું કરાવવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

● સ્વ. પંચાલ મધુબેન ભરતભાઈ, ઉ.વ. ૬૨
● સ્વ. ઠાકોર અમરતજી ધોળાજી, ઉ.વ. ૬૧